ગુજરાતને ચાવવાના તમાકુથી મુક્ત કરો : ઍનજીઓની રજૂઆત

ગાંધીનગર, તા. ૬

હાઈ ઓન લાઈફ ફાઉન્ડેશને મુખ્ય પ્રધાનને પત્ર લખીને રાજ્યમાં ચાવવાના તમાકુના ઉત્પાદન, વિતરણ અને વેચાણ ઉપર પ્રતિબંધ મૂકવાની રજૂઆત કરી છે.

હાઈ ઓન લાઈફ ફાઉન્ડેશન વ્યસન સામેની લડાઈમાં સક્રિયપણે કાર્યરત છે અને તેણે રાજ્યમાં ગેરકાયદેસર ચીજોના ઉપયોગ અંગે અરજીઓ કરી છે તેમજ આ વિશે જાગૃતિ ફેલાવવા રાજ્યની એજન્સીઓ સાથે ભાગીદારી કરીને કાર્યક્રમો યોજ્યાં છે. ઈ-સિગારેટ ઉપર કેન્દ્ર સરકારના પ્રતિબંધને સામાજિકક્ષેત્ર દ્વારા જોવાતી તકને કારણે આ રજૂઆત કરવામાં આવી છે. કેન્દ્ર સરકારે ઈ-સિગારેટ ઉપર પ્રતિબંધ મૂકવા વટહુકમ લાવવાનું આવકારદાયક પગલું ભર્યું છે. આનાથી ગુજરાતને તાત્કાલિક ધોરણે મોટી સંખ્યામાં લોકોને અસરકર્તા તમાકુ ઉપર પ્રતિબંધ મૂકવા પ્રેરણા મળી રહેશે, તેમ હાઈ ઓન લાઈફ ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ સાગર બ્રમ્હભટ્ટે જણાવ્યું હતું. નિકોટિન આધારિત ઈ-સિગારેટ્સ ઉપર પ્રતિબંધ મૂકવાનું ઉદાહરણ છે ત્યારે તેનાથી વધુ જોખમી ચીજો ઉપર પ્રતિબંધ મૂકવા માટે કોઈપણ કારણની જરૂર નથી કારણકે તેનાથી કેન્સર થવાને પુષ્ટિ મળી છે અને તેને લાગુ કરી શકાય નહીં, તેમ તેમણે ઉમેર્યું હતું.

આ અંગેના કેમ્પેઈનમાં સામેલ થવા ઈચ્છતી શાળાઓને સંસ્થાનો સંપર્ક (૯૮૯૮૭ ૬૦૯૭૬, ૯૮૭૯૨ ૪૯૮૭૯) કરવા પણ અનુરોધ કરાયો છે.

નવા પ્રમુખની વરણી અને ભાવિ કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરાઈ

વિધાનસભા પેન્શનર્સ સમાજનું સ્નેહમિલન યોજાયું

ગાંધીનગર, તા. ૬

ગુજરાત વિધાનસભા પેન્શનર્સ સમાજ, ગાંધીનગર દ્વારા નૂતન વર્ષ નિમિત્તે સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. યુથ હૉસ્ટેલ, સેક્ટર-૧૬ ખાતે યોજાયેલા આ સ્નેહમિલન સમારોહમાં નવા વર્ષ માટે પ્રમુખની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી અને આગામી વર્ષના સંભવિત કાર્યક્રમોની ભૂમિકા તૈયાર કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં સમાજના દિવંગતોના આત્માની શાંતિ અર્થે મૌન પાળવામાં આવ્યું હતું.

જન્મદિને વધામણી

ભીખાભાઈ પી પ્રજાપતિ
મો. ૭૬૯૮૪ ૨૬૧૬૩

અંશુલ છાયા ત્રિવેદી
મો. ૯૭૨૪૩ ૧૭૩૫૮

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

શ્રીકુમાર પ્રભાકરન સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ હેડક્વાર્ટરના નવા સીનિયર એર સ્ટાફ પદે

ગાંધીનગર, તા. ૬

એર માર્શલ શ્રીકુમાર પ્રભાકરન વીએમએ ૦૪ નવેમ્બર, ૨૦૧૯નાં રોજ સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડનાં હેડક્વાર્ટરનાં સીનિયર એર સ્ટાફ તરીકે જવાબદારી સંભાળી લીધી છે. તેઓ નેશનલ ડિફેન્સ એકેડેમીમાં ગ્રેજ્યુએટ છે અને ૨૨ ડિસેમ્બર, ૧૯૮૩માં ભારતીય વાયુદળમાં ફાઈટર પાયલોટ તરીકે જોડાયા હતા. તેમણે ૪૮૦૦થી વધારે કલાક સિંગલ એન્જિન ફાઈટર/ટ્રેનર એરક્રાફ્ટ તરીકે પસાર કર્યા છે. તેઓ ડિફેન્સ સર્વિસીસ સ્ટાફ કોલેજ, વેલિંગ્ટનમાં પણ ગ્રેજ્યુએટ છે અને નવી દિલ્હી સ્થિત પ્રતિષ્ઠિત નેશનલ ડિફેન્સ કોલેજનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી છે.

તેમણે વર્ષ ૨૦૦૨થી વર્ષ ૨૦૦૫ સુધી સૂર્યકિરણ એરોબેટિક ટીમનું નેતૃત્વ કર્યું હતું. તેમણે વર્ષ ૨૦૦૭થી વર્ષ ૨૦૧૦ સુધી બે ફ્લાઈંગ બેઝ અને ઈજિપ્તનાં કાઈરોમાં ડિફેન્સ એટેચનું નેતૃત્વ કર્યું હતું. એર હેડક્વાર્ટર્સમાં તેઓ એર સ્ટાફ (ઈન્ટેલિજન્સ)નાં ચીફ તરીકે અને ડાયરેક્ટર જનરલ (ઈન્સ્પેક્શન અને સેફ્ટી) તરીકે નિમાયા હતા.

ડિસેમ્બરથી શાળામાં કોલા, ચિપ્સ, પિઝા, નૂડલ્સને 'નો ઍન્ટ્રી'

કેન્દ્ર સરકારે શાળાની કેન્ટિનમાં ચરબી, મીઠું અને ખાંડનું ઊંચું પ્રમાણ ધરાવતી ખાદ્ય ચીજો બંધ કરવાનાં પગલાં લીધાં

ગાંધીનગર, તા. ૬

શાળાએ જતાં બાળકોના સ્વાદ માટે 'કડવા' પણ આરોગ્ય માટે 'મીઠા' સમાચાર છે. ડિસેમ્બરથી શાળાના કાફેટેરિયા અને બોર્ડિંગના મેનુમાં કોલા, બટાકાની ચિપ્સ, પેકેજ્ડ જયુસ, પિત્ઝા, બર્ગર્સ, નૂડલ્સ, સમોસા, છોલે-ભટુરે પર પ્રતિબંધ મૂકી દેવાશે. કેન્દ્ર સરકારે શાળાની કેન્ટિનમાં ચરબી, મીઠું અને ખાંડનું ઉંચું પ્રમાણ ધરાવતી ખાદ્ય ચીજો બંધ કરવાનાં પગલાં લીધાં છે.

સરકારે શાળાની સ્પોર્ટ્સ ઈવેન્ટ્સમાં જંક ફૂડની એડ્ પર પ્રતિબંધ મૂકી દીધો છે. ઉપરાંત, શાળાના કમ્પ્યુટર્સના વોલ પેપરમાં અને શાળાના સંકુલના ૫૦ મીટરમાં જંક ફૂડની એડ્ નહીં કરવાનો આદેશ આપ્યો છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એફએસ-એસએઆઈ)એ શાળાનાં બાળકોમાં જંક ફૂડનો વપરાશ અટકાવવા ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ રેગ્યુલેશન્સ ૨૦૧૯ હેઠળ નિયમ બનાવ્યા છે. 'ઈટ રાઈટ' ઝુંબેશ હેઠળ કેન્દ્ર સરકારના નિયમ ડિસેમ્બરના પ્રથમ સપ્તાહથી અમલી બનશે. જેમાં ચરબી, મીઠું

અને ખાંડનું ઉંચું પ્રમાણ ધરાવતી ખાદ્ય ચીજો (એચએફએસએસ) શાળાની સ્કૂલ કેન્ટિન, મેસના સંકુલ કે હોસ્ટેલના રસોડામાં વેચી નહીં શકાય. ઉપરાંત સ્કૂલ કેમ્પસનાં ૫૦ મીટરના વિસ્તારમાં પણ આ ચીજોનું વેચાણ નહીં થઈ શકે. નિયમ પ્રમાણે ફ્રેન્ચ ફ્રાઈઝ, તળેલી ચિપ્સ, સમોસા, છોલે-ભટુરે, ગુલાબ જાંબુ, ખાંડનું નોંધપાત્ર પ્રમાણ ધરાવતાં કાર્બોનેટેડ કે નોન-કાર્બોનેટેડ પીણાં, રેડી-ટૂ-ઈટ ફૂડ, નૂડલ્સ, પિત્ઝા, બર્ગર, કન્ફેક્શનરી ચીજો, ખાંડ અને ખાંડની પ્રોડક્ટ્સને એચએફએસએસ કેટેગરીમાં મૂકવામાં આવી છે. કોર્ટની તાકિદ અને ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓના અભ્યાસ પછી શાળામાં ખાદ્ય ચીજો માટે કડક પગલાં લેવાયાં છે.

આગનો ભોગ બનનારા લોકોને નવી ત્વચા મળશે

ભારતીય વિજ્ઞાનીએ બનાવી કુદરતી ત્વચા જેવી ચામડી

ગાંધીનગર, તા. ૬

મૂળ ભારતીય કૂળના એક વૈજ્ઞાનિકની આગેવાની હેઠળના સંશોધનકર્તાઓએ કુદરતે બનાવેલી ચામડી જેવી ચામડી બનાવી હોવાના ખુશખબર મળ્યા હતા. આગમાં દાઝી જનારા લોકોને હવે એમની અસલ ચામડી જેવી ચામડી પાછી મળી શકશે. એના રંગ રૂપ અને કાર્યવાહી અસલ ચામડી જેવાં હશે. આ ટીમે રક્તવાહિની સાથે જોડાયેલી એવી થ્રી ડી પ્રિન્ટ ટેક્નોલોજી દ્વારા અસલ ચામડી બનાવવાની ટેક્નિક વિકસાવી હતી.

ન્યૂયોર્કની રેન્સિલર પોલીટેક્નિક ઈન્સ્ટીટ્યુટ અને યેલ સ્કૂલ ઑફ મેડિસિન દ્વારા આ સંશોધન હાથ ધરાયું હતું. આ વિજ્ઞાનીઓએ માનવ રક્તવાહિનીમાંથી મળતા કોષો અને પ્રાણીજ પદાર્થ દ્વારા કુદરતી ત્વચા જેવી પ્રિન્ટ તૈયાર કરી હતી. થોડા સપ્તાહો બાદ આ પ્રિન્ટ કુદરતી ત્વચા અને રક્તવાહિની જેવી બની ગઈ હતી જે ત્યારબાદ મૂષક પર અજમાવવામાં આવી હતી. લેબોરેટરીમાં તૈયાર કરાયેલી આ રક્તવાહિની મુષકની કુદરતી રક્તવાહિની સાથે ભળીને એક થઈ ગઈ હતી.

ઈન્ટરનેશનલ પ્રકાશન ટિશ્યૂ ઍંજિનિયરીંગ પાર્ટ એમાં આ સંશોધન પ્રગટ થયું હતું. આ સંશોધન એક માતબર સિદ્ધિ સમાન છે જે ગંભીર અકસ્માત કે આગનો ભોગ બનેલા લોકો માટે વરદાનરૂપ સાબિત થશે.

૧૧ હજાર વોલ્ટનો કરંટ લાગ્યા બાદ પણ ૧૪ વર્ષના કિશોરનું હૃદય ફરી ધબકતું થયું

જોધપુરના સ્થાનિક તબીબોએ હાથ ઊંચા કરી લીધા પછી દિનેશને અમદાવાદ ખાતે સારવાર માટે લાવવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૬

જો કોઈને ૪૪૦ વોલ્ટનો કરંટ લાગે તો પણ તેનુ જીવન બચી શકતુ નથી પરંતુ તમે માની શકો છો કે કોઈ વ્યક્તીને ૧૧ હજાર વોલ્ટનો કરંટ લાગે અને તે જીવી જાય, પરંતુ આ ચમત્કાર થયો છે અમદાવાદમાં હૃદયમાં ૧૧ હજાર વોલ્ટનો કરંટ લાગ્યા બાદ પણ ૧૪ વર્ષના કિશોરનુ હૃદય ફરીવાર ધબકતું થયું છે.

રાજસ્થાનના જોધપુર જીલ્લાના મથાણીયા ગામનો રહેવાસી આ કિશોરને અમદાવાદમાં નવું જીવન મળ્યુ છે. ૧૪ વર્ષીય કિશોર દિનેશ પરીહાર સાથે એવી ઘટના બની કે કિશોર તેના પિતા સાથે તેના ફાર્મમાં ગયો હતો. વરસાદની સીઝન હતી અને દિનેશને ખ્યાલ ન રહેતા તેણે ૧૧ હજાર વોલ્ટના વાયરને હાથમાં પકડી લીધો, અને પછી શું તે વાયરના કરંટથી તેના હાથ અને આંગળીઓ બળીને રાખ થઈ ગઈ અને પછી તે વાયર તેના હૃદય પર પડ્યો અને તે શોક એટલો ગંભીર હતો કે હૃદયમાં અને તેની આસપાસ એક વેત જેટલો વર્તુળકાર ખાડો પડી ગયો અને હૃદયના અંદર તથા આસપાસનો મહત્વનો ભાગ બળીને રાખ થઈ ગયો.

દિનેશ પરીહાર કે જેને હાલમાં નવજીવન મળ્યુ છે તેની સાથે અમે વાત કરી તેણે જણાવ્યું કે 'મારા ફાર્મમાં મારા પિતાજી અને હુ બન્ને ગયા હતા. ત્યારે હું ટ્યૂબવેલ ચાલુ કરવા ગયો હતો. વરસાદની સીઝન હતી તો ત્યાંની વાયરીંગને મેં મારા હાથથી પકડી લીધી હતી. ૧૧ હજાર વોલ્ટનો કરંટ હતો મને ખબર ન હતી. મારી આંગળીઓ બધી જ બળી ગઈ અને ખરાબ થઈ ગઈ. અને પછી તે વાયર મારા હાર્ટ પર પડ્યો અને હાર્ટમાં ખાડો પડી ગયો.'

આ સ્થિતિમાં આજ દિન સુધી કોઈ દર્દીનું હૃદય તેનુ જીવન ફરીવાર ધબક્તું થયું હોય તેઓ આ પ્રથમ કિસ્સો છે. જોધપુરના સ્થાનિક તબીબોની સામે જ્યારે આ કેસ આવ્યો ત્યારે તેમણે હાથ ઉંચા કરી લીધા અને પછી દિનેશને અમદાવાદ ખાતે સારવાર માટે લાવવામા આવ્યો, અને ૩ તબીબોની ટીમ જેમાં પ્લાસ્ટીક સર્જન અને બર્ન્સ સ્પેશિયાલિસ્ટ, સર્જન અને ક્રિટીકલ કેર નિષ્ણાતે આ ચેલેંજ ઉપાડી અને શહેરની એક ખાનગી હૉસ્પિટલમાં તેનું ઑપરેશન કરવામા આવ્યું. આજે તબીબોનું કહેવુ છે કે દિનેશ એટલો સ્વસ્થ છે કે તે ઓલિમ્પિકમાં પણ ભાગ લઈ શકે છે. તેને હાર્ટમાં કે શ્વાસ લેવામાં કોઈ તકલીફ નહીં થાય.

સાબરમતીનું પાણી વિદેશની નદીઓ જેવું શુદ્ધ બનશે

ગાંધીનગર, તા. ૬

સાબરમતી નદીનું પાણી ચોખ્ખું અને વિદેશની નદીઓની માફક બ્લ્યૂ કરવામાં આવશે. આ માટે સાબરમતી રિવરફ્રન્ટ કંપનીએ એક્સપ્રેશન ઑફ ઈન્ટરેસ્ટ બહાર પાડ્યા હતા જેમાં કુલ ૮ કંપનીએ ભાગ લીધો હતો, જેમાંથી છ કંપનીઓને મ્યુનિ.એ ફાઈનલ કરી છે અને તેમની પાસેની પદ્ધતિઓ દર્શાવવા માટે પ્રપોઝલ માગી છે. કંપનીઓની વિવિધ પદ્ધતિઓની સ્ક્રૂટિની કરવા માટે બે કમિટી બનાવાઈ છે જેમાં એક કમિટી મ્યુનિ. એન્જિનિયર્સ અને પબ્લિક હેલ્થ લેબોરેટરીના વૈજ્ઞાનિકની છે જ્યારે બીજી કમિટીમાં એલ.ડી.એન્જિ. કૉલેજના એચઓડી, આઈઆઈટી ગાંધીનગરના પ્રોફેસર અને જીપીસીબીના અધિકારીની નિયુક્તિ કરવામાં આવી હતી. એક મહિનામાં નક્કી કરેલી છ કંપનીઓ કઈ પદ્ધતિથી તેઓ પાણીનું શુદ્ધીકરણ કરશે તેનું પ્રેઝન્ટેશન આ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવશે. પાણી ચોખ્ખું હોય તો જ નાગરિકો તેમાં જઈ

શકે જેના કારણે આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હોવાનું ડેપ્યુટી કમિશનર આર.કે.મહેતાએ જણાવ્યું હતું. સાબરમતી રિવરફ્રન્ટ પશ્ચિમ અને પૂર્વ તરફના ૧૧ કિલોમીટરમાં તૈયાર કરાયો છે જેથી ડફનાળાથી વાસણા બેરેજ વચ્ચે પાણીના શુદ્ધીકરણનો પ્રોજેક્ટ હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મ્યુનિસિપલ કોર્પોરેશને ચાર મહિના અગાઉ લોકોની ભાગીદારી સાથે સાબરમતી નદી સ્વચ્છ કરવાનો પ્રોજેક્ટ હાથ ધર્યો હતો. આ ઝુંબેશમાં નદીમાંથી મોટાપાયે કચરો પણ દૂર કરવામાં આવ્યો હતો. નિયમ મુજબ એસટીપીમાં પાણી ટ્રિટ થયા બાદ બીઓડીનું પ્રમાણ ૧૦ અને સીઓડીની માત્રા ૫૦થી વધવી જોઈએ નહિ. પણ સાબરમતી નદીમાં પાણી શુદ્ધ કર્યા પછી પણ બીઓડીની માત્રા ૩૦થી ૯૦ રહે છે જ્યારે સીઓડીની માત્રા ૯૫થી ૩૦૦ સુધીની હોય છે.

એનલાઈફ એન્ટરટેઈન્મેન્ટ દ્વારા ગુજરાતી ફિલ્મ 'થપ્પો'ની ઘોષણા

ગાંધીનગર, તા. ૬

ગુજરાતી ફિલ્મ ના વધતા કેઝ અને લોકોના ખુબજ સુંદર અભિપ્રાયો બાદ ગુજરાત ના આંગણે આજે એનલાઈફ એન્ટરટેઈન્મેન્ટ અને પ્રતિક શાહ દ્વારા ગુજરાતી ફિલ્મ 'થપ્પો'ની આજે જાહેરાત કરવામાં આવી હતી. જેમાં જાણીતા કલાકારો જેઓએ આગામી ફિલ્મોમાં એમની ભૂમિકા સાથે લોકોને મંત્રમુગ્ધ કરી દીધા છે તેવા સ્ટાર કાસ્ટ મયુર ચૌહાણ, પ્રોડ્યૂસર પ્રતીક શાહ (ફિલ્મ નિર્માતા, એનલાઈફ ગ્રુપ મેનેજીંગ ડાયરેક્ટર), રાઈટર હેમીન ત્રિવેદી, ધીરેન ગજ્જર અને એક્ટર મયુર ચૌહાણ, મિશેલ માયકલ, ફરાઝ રાઉમાં અને અભિનેત્રી રિદ્ધિ યાદવ આ ફિલ્મ સાથે જોડાયેલાં છે.

પ્રોડ્યૂસર પ્રતીક શાહ દ્વારા જણાવવા માં આવ્યું હતું કે, આ ફિલ્મ અત્યારની મિડલ અને અપર ક્લાસ જનેરેશન ને ટાર્ગેટ કરીને બનાવવામાં આવી છે. ગુજરાતી ઈન્ડસ્ટ્રીમાં આ સૌ પ્રથમ વાર આવી રીતની ગુજરાતી કૉમેડી ફિલ્મ હશે જે પ્રેક્ષકોને મન મૂકીને આનંદ આપશે. આ ફિલ્મમાં અમે કુદરતી દૃશ્યો તેમજ બહારની કાલ્પનિક દુનિયાને વધારે મહત્વ આપીને સુંદર સેટ સાથે બનાવી છે. આ ફિલ્મનું શૂટિંગ ગુજરાતમાં કરવામાં આવશે. મયુર ચૌહાણ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, છેલ્લા ઘણા સમયથી ગુજરાતી ઈન્ડસ્ટ્રી ખુબ જ આગળ વધી રહી છે અને ગુજરાતી ફિલ્મ જોનારી ઑડિયન્સમાં પણ ઘણો વધારો જોવા મળ્યો છે. આ જ પ્રતિસાદને આગળ વધારે સારી રીતે સાબિત કરવા અને લોકોમાં મનોરંજન સાથે સમાજને એક ચોક્કસ મેસેજ મળી રહે એ ધ્યેયથી આ નવી ફિલ્મ અમે બનાવી રહ્યા છીએ અને મને વિશ્વાસ છે કે આ ફિલ્મ પણ ચોક્કસ લોકોમાં ઈન્ટરેસ્ટ જગાડશે. આ ફિલ્મના ડાયરેક્ટર ધીરેન ગજ્જર છે.

એક મૂલ્યવાન સંદર્ભગ્રંથની ગરજ સારે તેવું પુસ્તક



'આંજણા અદ્વિતીય છે, અનોખા છે, આકર્ષક છે અને આંખોથી અન્યને આંજી નાખે છે. પ્રકૃતિથી સ્વાભિમાની અને પરગજુ પણ છે. શરીર સૌષ્ઠવમાં રૂપાળા અને બુદ્ધિમાં બળિયા પણ છે. શ્રેષ્ઠ કિસાનો, શ્રેષ્ઠ પશુપાલકો, શ્રેષ્ઠ શૂરવીરો અને શ્રેષ્ઠ સાહિત્યકારો છે. અને એ કારણથી તેઓ બધાંથી અલગ તરી આવે છે.' ભારત સરકારે પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કર્યા છે તેવા આંજણા કોમના જ જાણીતા પત્રકાર-કૉલમિસ્ટ દેવેન્દ્ર પટેલનાં ઉપરોક્ત વિધાનો વાંચતાં આંજણા ખરેખર કોણ છે, કેવા છે તે અંગે વધુ જાણવાનું કુતૂહલ કોઈપણ સમાજના લોકોને થાય તે સ્વાભાવિક છે. ત્યારે આંજણા કોમ વિશે અધિકૃત રીતે જણાવી શકે તેવો વિદ્વાનોના લેખોનો સંચય તાજેતરમાં જ પ્રગટ થયો છે, તેના વિષેની ઉત્સુકતાને ધ્યાને લઈ તેના પુસ્તકની વાત કરવી છે.

'આપણે આંજણા' પુસ્તકના

પુસ્તક પરિચય

નટવર હેડાઉ
vanvihari@gmail.com

સંપાદક ડૉ. માસુંગ ચૌધરી છે. પુસ્તકમાં કુલ-૨૭ લેખો છે. બળવંત જાની તેમના શુભકામના સંદેશમાં કહે છે કે, 'સંસ્કૃતિ સેવા, રાષ્ટ્ર સેવા અને સમાજ સેવાનું ઉત્તમ કામ કર્યું છે. આ પુસ્તક દ્વારા આંજણા સમાજને પોતાનો ઈતિહાસ, સંસ્કૃતિ અને પરંપરા જાણવા મળશે.' તો વરિષ્ઠ સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ કહે છે કે 'આંજણા કુળની અસ્મિતા અને ગરિમાના અધિકૃત આલેખ સમાન આ પુસ્તક માત્ર જ્ઞાતિ પૂરતું જ નહીં, બલ્કે ભવિષ્યના ઈતિહાસલેખકો અને સમાજ-શાસ્ત્રીઓ માટે એક મૂલ્યવાન સંદર્ભ ગ્રંથની ગરજ સારશે.' આ પુસ્તકના સંપાદક ડૉ. માસુંગ ચૌધરી તો આશ્ચર્ય પમાડે તેવી વિગતો લઈને આવ્યા છે. તેમના મતે 'બાહુબલિ' ફિલ્મની મહિષ્મતિ નગરીમાં આંજણા કુળનો ધ્વનિ ગુંજતો હતો અને સિકંદર સામે ઝીંક ઝીલનાર પોરસ આંજણા કુળનો જ હતો. તેમણે આ પુસ્તકમાં આંજણા કુળની પરંપરા, ઈતિહાસ અને સંસ્કૃતિ તથા પ્રજા તરીકેના ગુણ અને વિચાર વણી લેવાનો પ્રયાસ કર્યો છે. અહીં સમાવવામાં આવેલ લેખોનાં શીર્ષકો વાચકને જે પ્રશ્નો ઉદ્ભવી શકે તેને ધ્યાને લઈ પ્રશ્ન રૂપે મૂકેલ છે અને તેનો જવાબ જે તે લેખમાં મળી રહે છે. આને પુસ્તકની વિશેષતા ગણી શકાય. જેમ કે આંજણાઓના કુળદેવી મા કાત્યાયની કોણ છે ? - દેવેન્દ્ર પટેલ. મા અર્બુદાએ ક્ષત્રિય કુમારોને કઈ પ્રતિજ્ઞા લેવડાવી હતી ? - દાનસુંગભાઈ ચૌધરી અને 'મહાભારત યુદ્ધમાં આંજણા કોના પક્ષમાં હતા ?' 'મહિષ્મતિ નગરી સાથે આંજણાનો શું સંબંધ છે ? આંજણાનો હિન્દુ ધર્મમાં કઈ સદીમાં સમાવેશ થયો ?' લેખો ડૉ. માસુંગ ચૌધરીએ આપ્યા છે. પશ્ચિમ ભારતમાં વસવાટ કરતાં આંજણા કુળો કેટલાં છે ? લેખ ડૉ. બાબુ પટેલ, મુકેશ આંજણા, વિરજીભાઈ જુડાલનો સંયુક્ત છે.

પુસ્તકમાં 'સમાજ ગંગાનું તર્પણ' અને 'આંજી નાખે એનું નામ આંજણા' શિર્ષકથી ડૉ. કેશુભાઈ દેસાઈના લેખો મળે છે. ચાર લેખો દેવેન્દ્ર પટેલના છે. તે ઉપરાંત 'આંજણા પાટીદારોનો ગૌરવવંતો ઈતિહાસ' પરિક્ષિત જોશી આલેખે છે તો 'કાચું સોનું પકાવવા મર્દકોમને દુનિયા નાની પડતી જાય છે !' ચંદ્રકાન્ત બક્ષીનો સુંદર લેખ છે. કનુ આચાર્ય લખે છે કે 'જેને ફૂકડા નથી જગાડતા તેને પટલાણીનાં વખોણાં જગાડે છે.' ડૉ. કિશોરસિંહ સોલંકીએ જે સમાજ જોયો, માણ્યો અને પ્રમાણ્યો છે તેની વાત કરે છે. ડૉ. બાબુ પટેલ આંજણા અસ્મિતા: ખેતી અને પ્રિતીની ઉજળી પરંપરા તે તાદૃશ્ય કરે છે. તો પ્રૉ. ઘનશ્યામ ગઢવી કહે છે કે 'આંજણા સમાજ ભૂતકાળને ક્ષણમાં વિસ્તૃત કરી દે છે. પ્રિ. જેઠાભાઈ એમ. પટેલ આંજણા કુળની સ્ત્રીઓના પરિશ્રમની તેમના લેખમાં પ્રશંસા કરે છે. જ્યારે ચિરાગ પટેલને આંજણાનું સૌથી અણમોલ ઘરેણું એની લોક આબરૂ છે તેમ લાગે છે.' 'આંજણાઓની અટક, કુળ વિશે થોડુંક' પરિક્ષિત જોશી પણ લખે છે. અને ડૉ. કૌશિક ચૌધરી આંજણાઓ આજે પરમાર અને રાઠોડ અટક કેમ લખાવે છે તે પ્રશ્નનો ઉત્તર આપે છે. 'આપણે આંજણા' પુસ્તકના સંપાદક ડૉ. માસુંગ ચૌધરીના કોરી ચિઠ્ઠી, સૂનમૂન, મૈં જહાં સે ગુજરા થા, થોટ્સ ઓફ ચંદ્રકાન્ત બક્ષી, રક્ત મિજાજ, પત્રકાર દેવેન્દ્ર પટેલનું સાહિત્ય-શ્રેષ્ઠની ખોજ, ખયાલોં કી ખુશ્બુ (હિન્દી) પુસ્તકો પ્રગટ થઈ ચૂક્યાં છે. લેખક મૂળ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના જડિયા ગામના વતની છે. અને હાલમાં તેઓ 'નવગુજરાત સમય' અખબારમાં પત્રકારત્વની સેવા આપી રહ્યા છે. તેમના આ પુસ્તકને આવકારું છું અને તેમને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું.

આપણે આંજણા (લેખ સંચય)
સંપાદક : ડૉ. માસુંગ ચૌધરી
પ્રકાશક : ક્રિએટીવ કાફે, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૯
કિંમત : રૂા. ૧૫૦/-